રજુ તા:૧૭–૧૦–૨૦૨૨
દાખલ તા:૧૭–૧૦–૨૦૨૨
ફેંસલ તા:૨૦–૧૦–૨૦૨૨
અવધિ:૦૦વર્ષ ૦૦ માસ ૦૩ દિવસ

**અરવલ્લી જીલ્લાના મહેરબાન સત્ર ન્યાયાધીશશ્રીની અદાલતમાં,**
**મુકામ: મોડાસા.**

**<u>ફોજદારી પરચુરણ અરજ નં.૭૮૭ સને ૨૦૨૨</u>**
આંક:

**<u>અરજદાર</u> :** (૧) મનિષભાઈ ઉર્ફે બંટી ભરતભાઈ વાળંદ,
રહે. શકિતનગર, ધનસુરા, જી.અરવલ્લી

**વિરૂઘ્ધ**

**<u>સામાવાળા</u>** : શ્રી સરકાર

અરજ:–ક્રિ. પ્રો. કોડની કલમ–૪૩૯ મુજબ રેગ્યુલર જામીન અરજી.

---

અરજદાર/આરોપી તરફે વિઘ્વાન વકીલ શ્રી જે.એસ.ભરવાડ,
ફરીયાદી/શ્રી સરકાર તરફે વિઘ્વાન એડી.પી.પી. શ્રી આર.જે.ભાટી.

---

**: <u>ઠ રા વ</u> :**

**૧.** હાલની અરજી અરજદાર/આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડ–૧૯૭૩ની કલમ–૪૩૯ હેઠળ ધનસુરા પો.સ્ટે.(I)ગુ.ર.નં.૦૨૮૯ /૨૦૨૨ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૪,૩૦૨,૩૪,૫૦૪ તથા ૫૦૬(૨) મુજબ ગુનાના કામે જયુડીશ્યલ કસ્ટડીમાં હોય ફોજદારી કાર્ય

અધિનીયમ કલમઃ ૪૩૯ મુજબ જામીન ઉપર મુકત થવા માટે રેગ્યુલર જામીન અરજી કરેલી છે.

**૨.** આ કામે સદરહું જામીન અરજી રજુ થતાં વિ.પી. પી. ને નોટીસ કરવામાં આવતાં વિ.પી.પી.શ્રી હાજર થયેલ છે અને આંક–૦૬ થી તપાસ કરનાર અમલદારનું સદરહું અરજી લગત વિગતવારનું સોગંદનામું રજુ થયેલ છે.

**૩.** આ કામે અરજદાર/આરોપીના વિ.વકીલ શ્રી ધ્વારા એવી દલીલ કરવામાં આવેલ છે કે, અરજદાર/આરોપીઓ ધનસુરા ગામના રહીશ છે અને હાલનો બનાવ ધનસુરાથી ચારેક કી.મી.દુરના સ્થળે થયાનો આક્ષેપ છે. અરજદાર/આરોપીએ આવો કોઈ ગુનો કરેલ નથી, અરજદાર/ આરોપીને ખોટી રીતે સંડોવવામાં આવેલા છે. હાલના અરજદાર/આરોપી સામે તપાસ પુર્ણ થઈ ગચેલ છે અને ચાર્જસીટ દાખલ થઈ ગચેલ છે, જેથી અરજદાર/આરોપીની કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશનની જરૂરી નથી. ફરીયાદપક્ષના સાહેદોના નીવેદન તથા ફરીયાદ જોતાં અરજદાર/આરોપીનો આ ગુનામાં કોઈ જ રોલ હોવાનું માની શકાય તેમ સ્પષ્ટ થતુ નથી. અરજદાર/ આરોપીઓ સંયુકત કુટુંબમાં રહે છે અને તેમના માતા પિતા વૃધ્ધ છે અને તેઓની તમામ જવાબદારી અરજદાર/આરોપીના શીરે છે. અરજદાર/આરોપી કાયમી રહેવાસી છે, નાસી ભાગી જાય તેમ નથી. જેથી હાલની અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે

**૪.** જયારે ફરીયાદપક્ષે વિ.એડી.પી.પી.શ્રી આર.જે.ભાટી દ્વારા હાલની અરજીનો વિરોધ કરી એવી દલીલ કરેલ છે કે, હાલના અરજદાર/આરોપી વિરૂધ્ધ આ બનાવ સબંધે નોંધાયેલ ફરીયાદમાં થયેલ આક્ષેપ વિચારણામાં લેતાં આરોપીઓ વિરૂધ્ધ ગંભીર પ્રકારના ગુનાનો આક્ષેપ થયેલ છે. જેથી હાલનો અરજીનો વિરોધ કરી ગુનાની ગંભીરતા ધ્યાને લઈ હાલની અરજી રદ કરવા વિનંતી કરેલ છે.

**૫.** આમ ઉપર મુજબ બંને પક્ષોની દલીલો, હાલની અરજી તેમજ બનાવ સબંધે રજુ થયેલ એફ.આઈ.આર. તમામ પોલીસ પેપર્સ તથા આ ગુનાના કામે તપાસ કરનાર અમલદારે આંક–૦૬ થી રજુ કરેલ સોગંદનામું વિચારણામાં લેતાં અને ખાસ કરીને એફ.આઈ.આર. વંચાણે લેતાં આ કામના ફરીયાદી તેમના ઘરની ઓસરી બેઠેલા હતા અને તેમો ભાઈ પ્રદિપ ભાઈ, અરૂણભાઈ કરમસીભાઈ પટેલ, ધીરજકુમાર કાન્તીલાલ પટેલનાઓ તેમના ઘર સામેના બાંકડા ઉપર બેઠેલા હતા તે દરમ્યાન ધનસુરા શકિતનગરમાં રહેતા દિલીપભાઈ ઉર્ફે લાલો મનજીભાઈ વાળંદ, કિશનભાઈ ભરતભાઈ વાળંદ, મનિષભાઈ ઉર્ફે બંટી ભરતભાઈ વાળંદ, રાહુલભાઈ દામજીભાઈ વાળંદ, નવિનભાઈ વિનોદભાઈ વાળંદ તથા મયુરીબેન વા/ઓ રાહુલભાઈ વાળંદનાઓ અચાનક આવી ગયેલા અને પ્રદિપભાઈને બિભત્સ ગાળો બોલવા લાગેલા, જેમાં દિલીપભાઈ ઉર્ફે લાલો મનજીભાઈ વાળંદના ઓ કહેવા લાગેલા કે તું મારી છોકરી સાથે આડા સબંધ કેમ રાખે છે તેવું કહેતાં પ્રદિપભાઈએ કહેલ કે તમારી છોકરી સાથે કોઈ જ સબંધ નથી

અને આ બાબતે બે દિવસ પહેલાં પણ તેમને કહેલ હતું કે, તમે લોકો મને કેમ ગાળો બોલો છો? તેવી વાત પ્રદિપભાઈએ કરતાં તેઓ ઝપાઝપી કરવા લાગેલા અને ફરીયાદી તથા અરૂણભાઈ કરમશીભાઈ પટેલ તથા ધીરજકુમાર કાન્તીલાલ પટેલનાઓએ વચ્ચે પડી સમજાવવાનો પ્રયત્ન કરેલો. પરંતુ આ છ જણા પ્રદિપભાઈને ટીંગા ટોળી કરી ઉપાડી ગયેલા અને પ્રદિપભાઈ ને ઘરની પાછળ થોડે દુર આવેલ કુવામાં ફેંકી દીધેલ હોવાનો આક્ષેપ થયેલ છે. એ હકીકત છે કે, આ ગુનાની પોલીસ તપાસ પુરી થઈ ગયેલ છે અને પોલીસ તપાસના અંતે ચાર્જસીટ લગત અદાલતમાં દાખલ કરવામાં આવેલ છે અને ફરીયાદપક્ષે રજુ ચાર્જસીટ તથા તે સાથેના તપાસના પોલીસ પેપર્સ આ તબકકે વંચાણે લેતાં બનાવ સમયે બનાવ સ્થળે હાજર હતા તેવી ફરીયાદપક્ષે રજુઆત છે તેવા સાહેદ અરૂણભાઈ કરમસીભાઈ પટેલ, ધીરજકુમાર કાન્તીભાઈ પટેલ, જયંતીભાઈ ભીખાભાઈ પટેલ, હિરેનભાઈ મોહનભાઈ પટેલનાઓના ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૧ ની જોગવાઈ મુજબ નોંધાયેલ પોલીસ રૂબરૂના નિવેદન આ તબકકે વંચાણે લેતાં ફરીયાદીએ આ બનાવ સબંધે નોંધાયેલ ફરીયાદમાં થયેલ આક્ષેપને પ્રથમ દર્શનીય સમર્થન મળતું હોવાનું માનવાને કારણ છે. જેથી અરજદાર/ આરોપીઓ તરફે રજુઆત કે, હાલની ફરીયાદ ખોટી નોંધાવવામાં આવેલ છે, ખોટો આક્ષેપ થયેલ છે, મરણ જનારે જાતે કુવામાં પડી આપઘાત કરેલ છે તેવી રજુઆત પુરાવાનો વિષય જણાય આવે છે અને આ ગુના સબંધે થયેલ પોલીસ તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ચાર્જસીટ રજુ કરવામાં

આવેલ છે. આમ આ તમામ કારણોસર અને હાલના અરજદાર/આરોપી વિરૂધ્ધ દાખલ થયેલ ગુનાની ગંભીરતા તથા સજાનો જોગવાઈ વિચારણામાં લેતાંઆ અદાલતની વિવેક બુધ્ધિની સત્તાનો ઉપયોગ સદર આરોપીની તરફેણમાં કરવા કોઈ પુરતા કારણો જણાય આવતા ન હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**: <u>હુ ક મ</u> :**

અરજદાર/આરોપીની હાલની રેગ્યુલર જામીન અરજી ''**નામંજુર**'' કરવામાં આવે છે.

હુકમ આજ **તા.૨૦મી માહે ઓકટોબર સને ૨૦૨૨** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

મોડાસા
તા.૨૦/૧૦/૨૦૨૨

**(હર્ષિત સી. વોરા)**
સત્ર ન્યાયાધિશ,
અરવલ્લી–મોડાસા.
(કોડ નં. જીજે ૦૦૩૫૯)

DSR